આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- અશરફ નથવાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૦3-૧૧-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

# દિપોત્સવી પંચ પર્વનું સમાપન

આજે ભાઈબીજનાં પર્વ સાથે દીપોત્સવીનાં પંચ પર્વનું સમાપન થશે. આજે ભાઈ તેની બહેનના ઘરે જમીને નવું વર્ષ શુભદાયી, ફળદાયી અને લાભદાયી નીવડે તેની શુભેચ્છા મેળવશે. ભાઇબહેનના પ્રેમ અને પવિત્ર બંધનના પ્રતીક સમી ભાઇબીજને યમદ્વીતીયા પણ કહેવાય છે. વર્ષમાં બે વખત ભાઈ બહેનનાં પ્રેમનાં પ્રતીક રૂપે પર્વ ઉજવાય છે રક્ષાબંધન પછી ભાઈ બીજનું પર્વ મહત્વ ધરાવે છે.

દરમ્યાન, ગઇકાલે સમગ્ર જિલ્લામાં વિક્રમ સંવત 2081ના નૂતન વર્ષની ઉજવણી કરાઈ હતી. વિવિધ સમાજો, સંસ્થાઓ તથા રાજકીય પક્ષોનાં સ્નેહ મિલનોના કાર્યક્રમો આજે પણ યોજાશે.

**(અશરફ નથવાણી)**

---------------------------------------------------------------------

# મુખ્યમંત્રી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને નૂતન વર્ષાભિનંદન પાઠવ્યા છે. તેમણે આ નવું વર્ષ સમગ્ર રાજ્ય માટે શ્રેષ્ઠ અને સમૃદ્ધિમય બને તેમજ ગુજરાત દેશમાં સર્વાધિક પ્રગતિના નવા શિખરો સર કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે. મુખ્યમંત્રીએ સૌના સાથ સૌના વિકાસના મંત્રને આત્મસાત કરી પ્રત્યેક ગુજરાતી રાજ્યના વિકાસમાં સહભાગી બને તેવી શુભેચ્છાઓ પણ પાઠવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, ખાતે શહેરના શ્રેષ્ઠીઓ અને સામાન્ય નગરજનોને મળી નવ-વર્ષની શુભેચ્છાઓનું આદાન પ્રદાન પણ કર્યું હતું. ત્યારબાદ મુખ્યમંત્રી શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પણ પાઠવી હતી.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## શિક્ષકોની ભરતી

ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ દ્વારા ધોરણ 1થી 8માં કુલ 13 હજાર 852 શિક્ષકોની જગ્યામાં ભરતી માટે જાહેરાત પ્રસિદ્ધ કરાઈ છે. આગામી 7 નવેમ્બરથી 16 નવેમ્બર સુધી ઉમેદવારી ફોર્મ ભરી શકાશે. શિક્ષણ નિયામક કચેરી દ્વારા જાહેર કરાયેલ વિગતો મુજબ ધોરણ 1 થી 5 માં 5 હજાર અને ધોરણ 6 થી 8માં 7 હજાર અને અન્ય માધ્યમની શાળાઓમાં એક હજાર 852 શિક્ષકોની ભરતી કરાશે. તમામ ઉમેદવારોએ ઓનલાઇન અરજી વેબસાઇટ vsb.dpegujarat.in પર કરવાની રહેશે. તેમજ સ્વીકાર કેન્દ્રોમાં અરજીપત્રો જમા કરાવવાની છેલ્લી 19/11 નક્કી કરાઇ છે.તેમ શિક્ષણ નિયામક કચેરીની યાદીમાં જણાવાયું છે.

**(NP/અશરફ નથવાણી)**

---

## નારાયણ સરોવર બસ સ્ટેશન

પ્રસિદ્ધ તીર્થધામ નારાયણ સરોવરને ટૂંક સમયમાં નવા બસ સ્ટેશનની ભેટ મળશે તેવું જાણવા મળે છે. એસટીનું જૂનું બસ સ્ટેશન જર્જરિત થતા ગત વર્ષે નવા બસ સ્ટેશનનું કામ શરૂ કરાયું હતું જે પૂર્ણતાના આરે છે.

નવા બસ સ્ટેશનમાં સ્ટાફ માટે ચાર રૂમ, ઓફિસ તેમજ કેન્ટીન ઉપરાંત ચાર પ્લેટફોર્મનું નિર્માણ કરવામાં આવ્યું છે. પેસેન્જર બસની રાહ જોઈ શકે તે માટે બેસવા સહિતની સગવડ ઊભી કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---

## એગ્રિસ્ટેક પ્રોજેક્ટ

એગ્રિસ્ટેક પ્રોજેક્ટ અંતર્ગત ભારત સરકાર અને ગુજરાત સરકારના સયુંક્ત પ્રયાસોથી ફાર્મર રજિસ્ટ્રી હેઠળ તમામ ખેડૂતોને આધાર આઇ.ડી.ની જેમ ફાર્મર આઈ.ડી. મળશે. આ માટે 15 ઓક્ટોબરથી ખેડૂત નોંધણીની શરૂઆત કરવામાં આવી છે. તમામ ખાતેદાર ખેડૂતોએ આ ફાર્મર રજિસ્ટ્રી હેઠળ આગામી 31 માર્ચ 2025 સુધીમાં ફરજિયાત નોંધણી કરાવવા જણાવાયું છે.

દરમ્યાન, ભારત સરકાર દ્વારા પી.એમ. કિસાન સન્માન નિધિના આગામી ડિસેમ્બરના હપ્તા માટે ખેડૂત આઈ.ડી.ની નોંધણી ફરજિયાત કરાઈ છે, જેથી પી.એમ. કિસાનનો લાભ મેળવતા તમામ લાભાર્થીઓએ આ શરુ થયેલા નવેમ્બર મહિનાની 25મી તારીખ સુધીમાં ફરજિયાત ખેડૂત આઈ.ડી.ની નોંધણી કરાવવાની રહેશે. આ માટે ખેડૂતોએ આધારકાર્ડ, આધાર સાથે લિંક મોબાઈલ નંબર, 7/12, 8-અની નકલ સાથે ગ્રામ પંચાયત ખાતેના વી.એલ.સી. અને વી.સી.ઈ.નો સંપર્ક કરી નોંધણી કરાવી શકાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ નોંધણી થકી ખેડૂતોને પોતાની તમામ જમીનની માલિકીની માહિતી મેળવવા તેમજ ખેતીવાડી અને ધિરાણ સંબંધી તમામ લાભો મેળવવા સરળ બનશે.

**(NP/અશરફ નથવાણી)**

---

## ધોળાવીરા ટેન્ટ સીટી

યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ સાઇટમાં સમાવિષ્ટ ધોળાવીરામાં નવી ટેન્ટ સિટી શરૂ થતાં વિશ્વભરમાંથી આવતા પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થઈ શકે છે. આ ટેન્ટ સિટી કચ્છના સફેદ રણ જોવા આવતા પ્રવાસીઓ માટે એક નવો અનુભવ બની રહેશે.

કચ્છની સંસ્કૃતિ અને કલાને દર્શાવતી આ ટેન્ટ સિટી 15 માર્ચ સુધી ખુલી રહેશે. ધોળાવીરા ટેન્ટ સિટીમાં કુલ 140 ટેન્ટ છે, જેમાં દરબારી અને રાજવાડી ટેન્ટનો સમાવેશ થાય છે. આ ટેન્ટ સિટી બનાવવાનો મુખ્ય હેતુ ધોળાવીરાને પ્રોત્સાહન આપવાનો છે જેથી કચ્છના આ દૂરસ્થ પ્રાચીન શહેર અને પ્રાચીન સંસ્કૃતિને વધુ પ્રદર્શિત કરી શકાય.

ધોળાવીરા ટેન્ટ સિટીના મેનેજર અમિત ગુપ્તા કહે છે કે આ ટેન્ટ સિટીમાં કચ્છની સંસ્કૃતિના દર્શન કરાવવાની સાથે અહીંના સ્થાનિક લોકોને રોજગાર પણ આપી રહી છે.

**(NP/અશરફ નથવાણી)**

---

## ક્રિકેટ

ન્યુઝીલેન્ડે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ભારત સામેની ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચના ગઇકાલે બીજા દિવસની રમત પૂરી થઇ ત્યાં સુધી તેના બીજા દાવમાં **9** વિકેટે **171** રન બનાવ્યા હતા. **28** રનની લીડને બાદ કરતા હવે ન્યુઝીલેન્ડનો સ્કોર **143** રનનો થયો છે.

ભારત તરફથી રવિન્દ્ર જાડેજાએ **4** જ્યારે રવિચંદ્રન અશ્વિને ત્રણ વિકેટ લીધી હતી. વોશિંગ્ટન સુંદર અને આકાશ દીપે એક-એક વિકેટ લીધી હતી.

અગાઉ**,** શુભમન ગિલના **90** અને ઋષભ પંતના **60** રનના યોગદાન સાથે ભારત **263** રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. પ્રવાસી ટીમ તરફથી એજાઝ પટેલે પાંચ વિકેટ ઝડપી હતી.

**(RNU અમદાવાદ/અશરફ નથવાણી)**

---